**રે.દિ.મુ નં.૨૩/૨૦૦૫**

**<u>આંક-૧ લગત હુકમ</u>**

સદર કામના પ્રતિવાદી નં. ૩ શંકરભાઈ મણીલાલ પટેલે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં R/Special Civil Application No.16519/2016 થી કાર્યવાહી કરેલ જે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ ડીસ્પોઝ કરેલ છે. સદર કામે પ્રતિવાદીના વકીલશ્રી અમીત બી. પટેલે શંકરભાઈ મણીલાલ પટેલને તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ છુટા થયેલ હોવાની નોટીસની બજવણી કરેલ હોવા અંગે નિ.૧૩૯/૧ તથા નિ.૧૩૯/૨ થી પોસ્ટનો પુરાવો રજુ કરેલ છે જેમા તા.૨૯/૦૭/૨૦૨૧ ના રોજ આઈટમ ડીલેવરી કન્ફર્મ જણાવેલ છે. તેમજ નિ.૧૩૯/૧ થી પ્રતિવાદીના વકીલશ્રીએ છુટા થયાની નોટીસ આપેલ તેની નકલ રજુ કરેલ છે. સદર કામે રેકર્ડ ધ્યાને લેતા વાદી કે તેમના વકીલશ્રી હાજર નથી, પ્રતિવાદી કે તેમના વકીલશ્રી હાજર નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટમા થયેલ કાર્યવાહી ડીસ્પોઝ થયા બાદ બંને પક્ષકારો તરફે સદરહુ કામની કાર્યવાહી ચલાવવા કોઈ હાજર ન હોય અને નામદાર ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ પરથી કાઢવામાં આવેલ હુકમના પેરા-૬ માં જણાવેલ છે કે, "It is expected from the parties to the suit to give their cooperation to the trial Court whereby it can decide the lis between the parties at the earliest as the suit is of the year 2005." સદર હુકમ મુજબ બંને પક્ષકારોએ અદાલતને કાર્યવાહી ચલાવવા સહકાર આપવો તેવુ જણાવેલ છે. આમ છતા બંને પક્ષકારો કાર્યવાહી ચલાવવા હાજર રહેતા ન હોય સી.પી.સી.ઓર્ડર-૯, રૂલ-૩ અને સી.પી.સી.ઓર્ડર-૧૭, રૂલ-૨ તથા સી.પી.સી. કલમ-૧૫૧ મુજબ સદર કામ રદ કરી ફેસલ કરવામાં આવે છે.

તા.૦૧/૦૭/૨૦૨૬.

સ્થળઃઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)<br>
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,<br>
ઓલપાડ<br>
(કોડ નં. જીજે ૦૦૫૫૫)